તૌહીદે રબૂબિયત
(અલ્લાહ જ એક માત્ર પ્રભુ-પાલનહાર છે)

કુર્આનમાં હઝરત મૂસા ﷺ ના જવાબના રૂપે અલ્લાહ તઆલાનો આ ઈરશાદ છે :

﴿ قَالَ كَلَّآ إِنَّ مَعِىَ رَبِّى سَيَهْدِينِ ﴿٦٢﴾ ﴾ الشعراء: ٦٢

અનુવાદ : ''મૂસા (ﷺ)એ કહ્યું, કદાપિ નહીં, વિશ્વાસ રાખો મારો રબ (પ્રભુ-પાલનહાર) મારા સાથે છે, જે અવશ્ય મને માર્ગ બતાવશે.'' (સૂરઃ શુઅ્રા, આ.૬૨)

અલ્લાહના રબ હોવા પર વિશ્વાસ રાખવાનો અર્થ એ છે કે એક મુસ્લિમ એ વાત પર વિશ્વાસ રાખે કે અલ્લાહ જ દરેક વસ્તુનો રબ અને સર્જનહાર છે, તેના સિવાય કોઈ અન્ય નથી. એ જ સૌને રોજી આપે છે, એ જ મારે છે અને જીવાડે છે, એ જ ઉઠાવે છે અને નીચે પાડે છે, તેના જ હાથમાં માન-સન્માન અને અપમાન છે, તમામ સામર્થ્ય તેના હાથમાં છે. તેથી અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ أَلَا لَهُ ٱلْخَلْقُ وَٱلْأَمْرُ ﴿٥٤﴾ ﴾ الأعراف: ٥٤

અનુવાદ : ''યાદ રાખો, અલ્લાહ માટે જ વિશિષ્ઠ છે સર્જનહાર હોવું અને શાસક હોવું.''
(સૂરઃ આ'રાફ, આ.૫૪)

પેદા કરવું, મારવું, જીવાડવું વગેરે અલ્લાહ તઆલાના કાર્યો છે. અલ્લાહ તઆલાના રબ હોવા પર ઈમાનને આપણે એ રીતે સમજી શકીએ છીએ કે તમામ કાર્યોનું વાસ્તવિક કારણ માત્ર અલ્લાહ તઆલા છે. ઈસ્લામના આગમન વખતે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ) એ વાતનો સ્વીકાર કરતા હતા કે પેદા કરવાવાળો, રોજી આપવાવાળો અને લાભ-નુકસાન પહોંચાડનાર અલ્લાહ જ છે. પરંતુ ન તેઓ અલ્લાહ તઆલાનું આજ્ઞાપાલન કરતા હતા અને ન તેના પર ઈમાન લાવતા હતા. તેથી અલ્લાહ તઆલાના રબ હોવાનો સ્વીકાર તેના ઈલાહ (ઉપાસ્ય) હોવાના ઈન્કારની સાથે તેમના માટે કોઈપણ રીતે લાભપ્રદ સાબિત ન થઈ શક્યું. અલ્લાહ તઆલાએ તેમના સ્વીકારનો ઉલ્લેખ કુર્આનમાં આ પ્રમાણે કર્યો છે :

﴿ وَلَئِن سَأَلْتَهُم مَّنْ خَلَقَ ٱلسَّمَٰوَٰتِ وَٱلْأَرْضَ وَسَخَّرَ ٱلشَّمْسَ وَٱلْقَمَرَ لَيَقُولُنَّ ٱللَّهُ فَأَنَّىٰ يُؤْفَكُونَ ﴿٦١﴾ ﴾ العنكبوت: ٦١

અનુવાદ : ''અને જો તમે તેમને પૂછો કે ધરતી અને આકાશનો સર્જનહાર તથા સૂર્ય-ચંદ્રને કામ પર લગાડનાર

www.uzairfalahi.com

કોણ છે ? તો તેમનો જવાબ એ જ હશે કે અલ્લાહ તૂઆલા. પછી ક્યાં ઊલટા જઈ રહ્યા છો ?''
(સૂરઃ અનૂકબૂત, આ.૬૧)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ قُلۡ لِّمَنِ ٱلۡأَرۡضُ وَمَن فِيهَآ إِن كُنتُمۡ تَعۡلَمُونَ ﴿٨٤﴾ سَيَقُولُونَ لِلَّهِۚ قُلۡ أَفَلَا تَذَكَّرُونَ
﴿٨٥﴾ قُلۡ مَن رَّبُّ ٱلسَّمَٰوَٰتِ ٱلسَّبۡعِ وَرَبُّ ٱلۡعَرۡشِ ٱلۡعَظِيمِ ﴿٨٦﴾ سَيَقُولُونَ لِلَّهِۚ قُلۡ أَفَلَا
تَتَّقُونَ ﴿٨٧﴾ قُلۡ مَنۢ بِيَدِهِۦ مَلَكُوتُ كُلِّ شَيۡءٖ وَهُوَ يُجِيرُ وَلَا يُجَارُ عَلَيۡهِ إِن كُنتُمۡ
تَعۡلَمُونَ ﴿٨٨﴾ سَيَقُولُونَ لِلَّهِۚ قُلۡ فَأَنَّىٰ تُسۡحَرُونَ ﴿٨٩﴾ ﴾ المؤمنون: ٨٤ - ٨٩

અનુવાદ : ''પૂછો તો ખરા કે ધરતી અને તેની તમામ વસ્તુઓ કોની છે ? બતાવો, જો જાણો છો ? તરત જ જવાબ આપશે કે અલ્લાહની. કહી દો કે તો પછી તમે બોધ ગ્રહણ કેમ નથી કરતા ? પૂછો કે સાતેય આકાશો અને ખૂબ પ્રતિષ્ઠિત અર્શ (રાજ-સિંહાસન)નો રબ કોણ છે ? એ લોકો જવાબ આપશે કે અલ્લાહ જ છે. કહી દો કે તો પછી તમે કેમ ડરતા નથી ? પૂછો કે તમામ વસ્તુઓનો અધિકાર કોના હાથમાં છે ? જે શરણ આપે છે અને જેની સરખામણીમાં બીજું કોઈ શરણ આપવામાં આવતું નથી. જો તમે જાણતા હોવ તો બતાવો. એ જ જવાબ આપશે કે અલ્લાહ જ છે. કહી દો, તો પછી તમે ક્યાંથી વશીભૂત કરી દેવામાં આવો છો ?'' (સૂરઃ મુ'મિનૂન, આ.૮૪-૮૯)

અહીં એક પ્રશ્ન એ ઊભો થાય છે કે શું અલ્લાહના રબ હોવા પર ઈમાન અથવા તેના પેદા કરવા અને નાશ કરવાની શક્તિનો સ્વીકાર માનવીના મોમિન હોવા માટે પર્યાપ્ત છે ? આનો સ્પષ્ટ જવાબ એ છે કે ના, કદાપિ નહીં. જે અલ્લાહના રબ હોવાનો સ્વીકાર કરે અને તેનું આજ્ઞાપાલન અને બંદગીનો સ્વીકાર ન કરે અને તેના ઈલાહ (ઉપાસ્ય) હોવાનો એકરાર તૌહીદ (અલ્લાહના એક જ હોવા)ના સાથે ન કરે તે ક્યારેય મોમિન નથી હોઈ શકતો. આની દલીલ એ છે કે મક્કાના અનેકેશ્વરવાદીઓ અલ્લાહના રબ હોવાનો સ્વીકાર કરતા હતા, પરંતુ તેમને મુશ્રિક ઠરાવવામાં આવ્યા. હા, અલ્લાહના એક માત્ર રબ હોવાનો ઈન્કાર કરનારાઓના બે જૂથો છે. એક એ, જેમને નાસ્તિક કહેવામાં આવે છે. અલ્લાહ તઆલાએ તેમના વિશે ફરમાવ્યું :

﴿ وَقَالُواْ مَا هِيَ إِلَّا حَيَاتُنَا ٱلدُّنۡيَا نَمُوتُ وَنَحۡيَا وَمَا يُهۡلِكُنَآ إِلَّا ٱلدَّهۡرُۚ ﴿٢٤﴾ ﴾ الجاثية: ٢٤

અનુવાદ : ''તેમણે કહ્યું કે અમારું જીવન તો માત્ર દુનિયાનું જીવન છે, અમે મૃત્યુ પામીએ છીએ અને જીવંત થઈએ છીએ અને અમને કેવળ કાળક્રમ જ મારે છે.'' (સૂરઃ જાસિયહ, આ.૨૪)

આ જૂથે જીવન અને મૃત્યુને અલ્લાહ તરફ જોડવાના બદલે 'દહ્ર' (કાળક્રમ) તરફ જોડી દીધું. બીજું જૂથ

www.uzairfalahi.com

સામ્યવાદીઓનું છે. આ જૂથના લોકો પણ અલ્લાહના અસ્તિત્વનો ઈન્કાર કરનારા છે. કહે છે કે કોઈ અલ્લાહ નથી. ભૌતિક પદાર્થ જ વાસ્તવિકતા છે. સૃષ્ટિ સ્વયં અસ્તિત્વમાં આવી ગઈ છે. આવા વિચારો ધરાવનારા પથભ્રષ્ટ લોકો પર એક મુસ્લિમ આશ્ચર્યચકિત રહી જાય છે, તેમજ ઈમાન અને ઈસ્લામની બહુમૂલ્ય દોલત પર અલ્લાહનો આભાર વ્યક્ત કરે છે. હકીકત એ છે કે એક મુસ્લિમ જ્યારે અલ્લાહ ત્આલાને એ રીતે માને છે કે એ જ એક માત્ર સમગ્ર લાભ અને નુકસાનનો એકલો માલિક છે, તો તેનું હૃદય શાંતિ અને સંતોષના ભાવથી ભરાઈ જાય છે. તે સ્વીકાર અને સમર્પણની પ્રતીમા બની જાય છે અને અલ્લાહ સિવાય દરેકના આજ્ઞાપાલન અને અનુસરણનો તદ્દન ઈન્કાર કરી દે છે.

www.uzairfalahi.com